જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૧/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૬૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૭	૦	૧૧૭૨૭	૧૭૮૩૭	૦	૧૭૮૩૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૧	૦	૧૨૧	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૨૭૨	૨૬	૭૪૨૯૮	૭૫૩૭૦	૨૬	૭૫૩૯૬
કુલ		૯૦૮૫૩	૨૬	૯૦૮૭૯	૯૯૮૮૬	૨૬	૯૯૯૧૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૪૩	૪,૨૫,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૫૩	૩,૫૩,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

મિલકત સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ પાસા અટકાયતીને પાલરા ભુજ જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસા કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધરે અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધિત ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા યુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટે માં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા રાહુલ ઉર્ફે ભૈયાજી સુનીલકુમાર જાતે પોદાર ઉ.વ.૧૯ રહે.પતરાવાળી ચાલી લાલભાઈ સેન્ટરની બાજુમાં ભાઈપુરા ખોખરા અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધમાં ગુનાઓ દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની મિલકત સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૬૭૭/૨૦૨૧ તા.૨૭/૧૧/૨૦૨૧ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટાકયતીને આજરોજ તા : ૨૭/૧૧/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે ખાસ જેલ પાલરા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

પાસા અટકાયતીનું નામ સરનામુ

રાહુલ ઉર્ફે ભૈયાજી સુનીલકુમાર જાતે પોદાર ઉ.વ.૧૯ રહે.પતરાવાળી ચાલી લાલભાઈ સેન્ટરની બાજુમાં ભાઈપુરા ખોખરા અમદાવાદ

પાસા અટકાયતી વિરૂદ્ધ દાખલ થયેલ ગુનાઓ

નારોલ પો.સ્ટે.પાર્ટે-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૩૨૯/૨૦૨૧ ધી ઈ.પી.કો કલમ ૩૭૯(એ)(૩),૧૧૪ મુજબ

ખોખરા પો.સ્ટે. પાર્ટે-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૩૨૧૪૪/૨૦૨૧ ધી ઈ.પી.કો કલમ ૩૮૦ મુજબ

ખોખરા પો.સ્ટે.પાર્ટે-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૩૨૧૦૪૨૯/૨૦૨૧ ધી ઈ.પી.કો કલમ ૨૯૪(ખ) ૫૦૬(૨), ૧૧૪ જીપીએકટ ૧૩૫(૧) મુજબ

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.લો.૨. મુકેશભાઇ બાલુભાઇ



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૬૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૦ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૩૫૭ લીટર દેશી દારૂ, ૨૭૯૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૮૮ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ કન્ટેનર (ટ્રક) કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૬૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૧૬૩/૨૦૨૧**

નવરંગપુરાઃ ધર્મેશભાઇ રામાભાઇ શર્મા (ઉ.વ.૪૭) (રહે. સેકટર-૬ ચાણક્યપુરી ઘાટલોડીયા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુન-૨૦૨૧ થી તા.૨૫/૦૭/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ માય માય હાઉસ પાછળ સહજાનંદ કોમ્પ્લેક્ષ ઓફીસ-૩૧૧ ખાતે આરોપી રમાકાંત પુરણભાઇ સાહુ (રહે. બાપાશ્રી એવન્યુ શીવ મંદિર પાસે મનમોહન પાર્ક રોડ નિકોલ) એ ધર્મેશભાઈ સાહુને વિશ્વાસમાં લઈ બાજપેયી બેંકેબલ યોજના હેઠળ સસ્તા વ્યાજદરમાં સબસીડી સાથેની લોન કરાવી આપવાની લાલચ આપી ધર્મેશભાઈ અને ધર્મેશભાઈના મિત્રોને વિશ્વાસમાં લઇ લોનની ફી પેટે તમામ પાસેથી કુલ રૂપિયા ૧,૪૭,૫૦૦/- મેળવી લઇ લોન મંજુર નહી કરાવી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૧૬૪/૨૦૨૧**

“એમ” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ સુર્યબલીસિંગ દેવરાજસિહ ગોડ (રહે.હિંદુસ્તાન આર.એમ.સી.સાઈટ એસ.પી.રીંગ રોડ શેલા ગામ કટ પાસે શાંતીપુરા સરખેજ) એ “એમ” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૨૦૨૧ રાતના ૧/૦૦ વાગ્યાના સુમારે હિંદુસ્તાન આર.એમ.સી.સાઈટ ખાતે વજન કાંટા પાસે મિક્ચર ટ્રક નંબર જીજે ૩૮ ટી ૧૫૩૦ ના ચાલક બંશબહાદુરસિહ એ બેદરકારીથી ટ્રક રિવર્સ લેતા ટ્રક પાછળ ઉભા રહેલ દાદુલાલસિહ બલોલસિહ ગોડ (ઉ.વ.૨૮) (મુળ વતન. રેહાડા પોષ્ટ-ચાકરીયા તા.ચિતરંગત એમ.પી.) ઉપર ચઢી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૨/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૧૬૫/૨૦૨૧**

રિવરફ્રંટ ઈસ્ટઃ પરખાજી રાવતાજી પરમાર (ઉ.વ.૬૨) (રહે. નરમાવાળી ચાલી હાજીપુરા ગાર્ડનની બાજુમાં શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૧/૨૦૨૧ બપોરના ૧/૪૫ વાગ્યાપહેલા રીવરફ્રન્ટ નારણઘાટ પાસે, વોક-વે ઘાટ નંબર-૩ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિંહ બહાદુરસિહ ચલાવે છે.

મેઘાણીનગરઃ ભવરલાલ અમરાજી માળી (ઉ.વ.૪૩) (રહે. પોપટલાલ આત્મારામની નવી ચાલી ચમનપુરા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૧/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતીલાલ ચલાવે છે.

નરોડાઃ જયદિપસિંહ સ/ઓ દશરથસિંહ પરમાર (ઉ.વ.૨૮) (રહે. રત્નરાજ ગ્રીન ફ્લેટ સી.એન.જી.પંપ પાછળ નાના ચિલોડા નરોડા) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૨૬/૧૧/૨૦૨૧ રાતના ૯/૩૦ થી તા.૨૭/૧૧/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.